સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

'લ્યો! આ તો પાંજરે પૂરાઈ ગયા!!' હવે શું સજા થશે ?
'ડર નહીં, સાહેબ નવાં છે!' 'છોડશે' મજા થશે !
ભલભલા છૂટી જાય છે, 'ઉપર'ના દબાણથી -
કરશે જાતે મુક્ત ને પકડનારની લજ્જા થશે !
(બે દીપડાનો પાંજરામાં થયેલો સંવાદ)

હાઈકુ

મળી જાય છે!
કાયદા ને જ ફાંસી -
દાબ માંચડે...

છૂટે છે ગૂંડા -
ને પૂરાય પોલીસ -
શર્મની કેદે !!

ચિંતન

મા નો નીદે ચ વક્તનેડર્યો રનધીરારાવ્ણે ।
ત્વે અપિ ક્રતુર્મમ ॥

ઉપરોક્ત શ્લોક ઋગ્વેદમાંથી લેવામાં આવેલ છે.

હે મનુષ્યો !! તમે કદી કોઈને કડવાં વચનો કહેશો નહીં, કોઈની નિંદા ન કરતાં, કૃતઘ્ની ની બનશો. દુઃખી લોકોને મદદ કરતા રહેજો. તમારું પ્રત્યેક શુભ કર્મ પરમેશ્વરને સમર્પિત થાઓ.

મધુર બોલવું એ કામધેનું સમાન છે. એ બધી કામનાઓ પૂરી કરે છે, યશ અને કીર્તિને વધારે છે. પ્રિય વચનો બોલાવાનો અર્થ કોઈની ખુશામત કરવાનો નથી. પોતાની વાતને દંઢતાથી કહેવાની સાથે મધુરતાનો પાલવ કદીય છોડવો ન જોઈએ.

આથી જ કબીરે લખ્યું છે કે...
ઐસી બાની બોલીએ, મન કા આપા ખોય ।
ઔરન કો શીતલ કરે, આપહું શીતલ હોય ॥

કર્કશ અને તીણાં વેણ મનુષ્યના મર્મસ્થળને વીંધી નાખે છે, તેથી કડવી અને કર્કશ વાણી કદીયે બોલવી ના જોઈએ. મધુરવાણી મનુષ્યના ચારિત્ર્યનો શ્રેષ્ઠ ગુણ છે.

સુવિચાર

- સારી વ્યક્તિ પસંદ નહીં કરો તો ચાલશે, પરંતુ એવી વ્યક્તિને પસંદ કરો જે તમને વધુ સારી વ્યક્તિ બનાવે - **અખંડ આનંદ**
- દંડનીતિ શિથિલ બનાવાથી શત્રુઓ સમર્થ બને છે - **ચાણક્ય**
- જયારે પેટ ખાલી હોય છે તો શરીર આત્મા બની જાય છે અને જયારે પેટ ભરેલું હોય છે ત્યારે આત્મા શરીર બની જાય છે - **હદીસ બોધ**
- વિવેકદંષ્ટિ આવે પછી બધાં જ વંદન કરવા જેવા લાગે - **મોરારિ બાપુ**
- સુખપૂર્વક દુઃખ વેઠવું એ તપ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- તમે નાનામાં નાના માણસને પ્રેમ કરશો તો તમારી નાનામાં નાની વાત હરિ સ્વીકારશે - **પાડુરંગ આઠવલે**
- આજનું ઔષધ : ગાયના દૂધમાંથી બનેલું દસ ગ્રામ તાજુ માખણ દસ ગ્રામ ખડી સાકર સાથે ખાવાથી શરીરમાં ગરમીનો નાશ થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

અમેરિકાના પ્રથમ પ્રમુખ જયોર્જ વોશિંગ્ટનને ઓફીસમાં સરકારી કામોના નિર્ણયો લેતા પહેલાં તેને ચકાસે એવો હોંશિયાર અને પ્રામાણિક અધિકારીની જરૂર પડી. આ જગ્યા માટે પાંચ મહાનુભાવોએ અરજી આપી એમાંથી એક અરજી તેમના ખાસ મિત્રની હતી. મોટા ભાગના ને લાગતું હતું કે આ જગ્યા માટે એમના મિત્રની જ પસંદગી થશે. પણ પ્રમુખ જયોર્જને આવા જવાબદારી ભર્યા કામમાં પ્રામાણિક પણે અને સાવધાનીપૂર્વક સલાહ આપે એવા વ્યક્તિની શોધ હતી. મિત્ર હોય કે સગો હોય તેમને માટે સૌ સરખા હતા. આ પાંચ મહાનુભાવોમાંથી સૌથી યોગ્ય ઉમેદવારની જ પસંદગી કરવા માટે જયોર્જ મક્કમ હતા. સૌના આશ્ચર્ય વચ્ચે એમના પક્ષથી જરા વિરુદ્ધ વિચારદારા ધરાવનાર એક વ્યક્તિને પ્રમુખે પસંદ કર્યો. આમ થતું જોઈ પત્રકારે તેમને પૂછ્યું, પણ ખરું, 'આપે આપના ખાસ મિત્રને આ જવાબદારી સોંપવાને બદલે વિરોધી વિચારધારા ધરાવતા વ્યક્તિને આ જગ્યા માટે લાયક કેમ ગણ્યો ?' પ્રમુખ જયોર્જે જવાબમાં કહ્યું, 'મારો એ મિત્ર એક સારા મિત્ર તરીકે બરોબર છે પરંતુ આ જગ્યા માટે એમની પાસે પૂરતી તૈયારી નથી અને આવા જવાબદારી વાળા કાર્યમાં લાગવગ ને સ્થાન જ ન હોય. ભલે નિયુક્ત પામેલ મહાશય સાથે મારો વિરોધ હોય પણ એ આ જગ્યા માટે પૂરતો લાયક છે.' પત્રકારે પ્રમુખ જયોર્જની ખેલદીલી અને સાહસને બીજે દિવસે છાપામાં મુક્તમને બિરદાવ્યા.

કોરોનાના ગુજરાતમાં ધામા

તંત્રીસ્થાનેથી...

કોરોના પણ બિનગુજરાતી ઓફિસરો જેવું છે એને ગુજરાત ગોઠી ગયું છે. સંતાકૂકડી રમતું હોય એમ થોડા વખત પૂરતું એ જાણે વિદાય લઈ રહ્યું હોય એમ લાગે. લોકો હાશકારો અનુભવે પણ થોડાક વિરામ પછી એ પાછું એના અસલી રંગમાં આવી જાય. ગુજરાતમાં જ નહીં, દેશની રાજધાની દિલ્હીમાં પણ એ આવા જ નાટક ચેટક કરી રહ્યું છે. આખી દુનિયા કોરોનાથી મુક્ત થઈ જશે ત્યારે પણ આપણા મુલકમાં તો એ ધાના નાખીને પડ્યું જ રહશે એવું નથી લાગતું ? આમ પણ આપણી આતિથ્યભાવના બાકીની દુનિયા કરતાં અદકેરી છે. અતિથ દેવો ભવ - જેવું સૂત્ર બીજા કોઈ દેશમાં ચાલતું હોય એવું આજ લગી તો નથી સાંભળ્યું. ઊલટાની ત્યાંની સંસ્કૃતિ તો 'અતિથિ, કબ જાઓગે?' વાળી છે. કોરોનાને એ બધાએ આપણી જેમ લાડ નથી લડાવ્યાં. ઊલટાનો એને આવતું જોઈ પહેલાંથી જ બારણાં બંધ કરી દેશે. આપણો યુવા વર્ગ વધુ પડતો સંસ્કારી છે. એટલે એણે સરકારી આદેશોની ઐસીતેસી કરીને એ જ જૂની સ્ટાઈલમાં મધરાતની મસ્તી ચાલુ કરી દીધી. ખાણી-પીણીનાં બજાર ધમધમવાં લાગ્યા. માસ્ક, સોશિયલ ડિસ્ટંસ વગેરે ભુલાઈ ગયાં અને 'પૂર્વ કોરોના' જીવનશૈલી ચાલુ થઈ ગઈ. પરિણામ એ આવ્યું છે વિચક્ષણ સનદી અધિકારી રાજીવ ગુપ્તાની દેખરેખ હેઠળ કોરોનાથી પીછો છોડાવી રહેલી અહમદ શાહની નગરી પછી કોરોનાગ્રસ્ત થવા લાગી છે. કેસોમાં ઊછાળો આવી રહ્યો છે. ખાનગી હોસ્પિટલો કોરોના દર્દીઓથી ઊભરાવા લાગી છે. આઈસીયુ બેડ અને વેન્ટિલેટર ખૂટી ગયાં છે. સરકારને હવે ફરી એક વાર એક્શનમાં આવી જવાની ફરજ પડી છે.

દિલ્હી બેઠેલી સરકાર 'અનલોક-૫'ની સુવિધાઓ જાહેર કરી દે એ પહેલાં અમદાવાદ-સરખેજ રોડ પર પશ્ચિમ અમદાવાદના પોશ વિસ્તારોમાં ૨૭ વિસ્તારોમાં રાતના દસ વાગ્યા પછી અંધારપટ જેવી સ્થિતિ સર્જવી પડી છે. ખાણીપીણી સહિત તમામ દુકાનો રાતના દસ પછી બંધ રાખવાના હુકમોનું કડાકઈ પૂર્વક પાલન થાય તે જરૂરી પણ છે. કયારેક પેલા શાકભાજી અને કરિયાણાવાળાઓ 'સુપરસ્પ્રેડર' હતા; હવે ભણેલાગણેલા નવી પેઢીના નબીરા કોરોનાના એસિમ્પ્ટોમેટિક - સાઈલંટ કેરિયર બની એમના ઘરના વડીલોને ચેપ લગાડી રહ્યા હોવાની દહેશત ઊભી થઈ છે. આટલું ઓછું હોય તેમ, સિવિલ હોસ્પિટલ રાજકોટમાં તો ખુદ પેરા મેડિકલ સ્ટાફ જ સરકારી ક્વોટાનાં રેમડેસિવિર ઈંજેકશનો ચોરી લઈ એનો વેપલો માંડી રહ્યો છે. ૪૮૦૦ રૂ.માં મળતા ઈંજેકશનના દસથી બાર પંદર હજાર વસીલી કોરોના પેશન્ટનાં સ્વજનોનાં ખીસાં ખંખેરવાનો ધંધો શરૂ થઈ ગયો છે. માણસ ગમે તેવી કપરી પરિસ્થિતિમાં સ્વાર્થી હેતુઓ માટે કેવો વિનિયોગ કરી શકે છે તેનું આ આંખ ઉઘાડે તેવું ઉદાહરણ છે. માણસને માણસાઈ ચૂકીને હેવાનિયત પર ઊતરી પડતાં વાર કેટલી ? એને કયાંક થોડો આર્થિક લાભ દેખાયો નથી કે એ લપસ્યો સમજો ! કોરોના ખરેખર તો રોગ કરતાં માણસાઈનો લિટમસ ટેસ્ટ હોય એવું નથી લાગતું ? આવી બેહાલી અને બદહાલી વચ્ચે પણ હવે કેન્દ્ર સરકાર તો એક પછી એક બધું જ 'અનલોક' કરી રહી છે. ચૂંટણીઓ યોજી રહી છે. નાગરિકોને તો એમના જીવની પડી જ નથી અને એનું એક કારણ આપણી પરંપરાગત માન્યતામાં પડેલું છે. મરવાનું તો સૌને છે. એટલે મોતથી વળી ડરવાનું હોય ? જે દિવસે એ આવવાનું હશે ત્યારે ગમે તે નિમિત્તે આવીને જ રહેશે - પાંચમની છઠ્ઠ નહીં થાય! આવી ફિલસૂફીમાં શ્રદ્ધા ધરાવતા દેશની પ્રજાને 'માસ્ક' અને 'દો ગજ કી દૂરી' જેવા બંધન લાંબો વખત ન જ જીરવાય તે સમજી શકાય એવું છે.

ભક્તિભાવ અને નિષ્ઠા હોય તો કર્મ કરતાં કોઈ રોકી શકતું નથી

નવાં કલેવર
નટવર હેડાઉ

કોરોનાની મહામારીને કારણે ઘણાં લાંબા સમય પછી મંદિર ખૂલ્યાં. ભક્તો ભાવ અને ભક્તિ પૂર્વક મંદિરે આવવા લાગ્યા. જો કે સોશિયલ ડિસ્ટન્સ અને માસ્ક તેમજ સેનેટાઈઝેશન એ બધું હવે જાણે કે જરૂરી અને ફરજિયાત થઈ ગયું હતું.

લાંબા સમય સુધી મંદિર બંધ રહેવાના કારણે તેમાં કામ કરતા માણસો આર્થિક મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા. કારણ કે તે બધાને મંદિર તરફથી માસિક વેતન મળતું હતું. જે મંદિર બંધ રહેવાને કારણે મળતું બધ થઈ ગયું હતું. પૂજારી માટે સરકારમાં આર્થિક પેકેજની માંગણી કરવામાં આવી હતી. પણ બાકી કામ કરનારાઓનું શું ?

આરતી વખતે નગારું અને ઘંટ વગાડનાર, સાફસફાઈ કરનાર લોકો પણ મંદિરમાં કામ કરતા હતા. તેના બદલામાં તેમને માસિક વેતન મળતું હતું. ઘંટ વગાડનાર માણસ અભણ હતો. પણ તે આરતી સમયે ખૂબ જ શ્રદ્ધા અને પુરા ભક્તિભાવ સાથે પોતાનું કામ કરતો હતો. મંદિરે આવનાર બધા ભાવિક ભક્તો ભગવાનની સાથે ઘંટ વગાડનાર વ્યક્તિની ભાવનાને પણ સમજતા હતા. તેથી તેનાં વખાણ થતાં હતાં.

પરંતુ હવે બન્યું એવું કે મંદિર માટેના નવા નિયમોનું પાલન કરાવવાના હેતુથી મંદિરનું મેનેજમેન્ટ બદલી ગયું. નવા મેનેજરે આદેશ કર્યો કે આપણા મંદિરમાં કામ કરનારા બધા વ્યક્તિઓ ભણેલ ગણેલ હોવા જોઈએ. જે ભણેલ નથી તેમને નોકરીમાંથી છૂટા કરી દેવામાં આવશે.

પેલા ઘંટ વગાડનાર ભાઈને મેનેજરે કહ્યું, 'તમારું આજ સુધીનું જે વેતન થયું હોય તે લઈ લો, કાલથી તમે નોકરી પર આવતા નહીં.'

ઘંટ વગાડનાર વ્યક્તિએ કહ્યું, 'સાહેબ ભલે હું ભણેલ નથી પણ મારું કામ હું ખૂબ ભક્તિભાવથી કરું છું.'

મેનેજરે કહ્યું, 'સાંભળો, તમે ભણેલા નથી તેથી તમને રાખી નહીં શકાય.'

બીજે દિવસે મંદિરમાં નવો સ્ટાફ રાખી દેવામાં આવ્યો. પરંતુ આરતીમાં આવતા લોકોને હવે પહેલાં જેવો આનંદ આવતો ન હતો. ઘંટ વગાડનાર વ્યક્તિની ખોટ સૌને સાલતી હતી.

અમુક વ્યક્તિઓ ભેગા થઈ ઘંટ વગાડનાર માણસના ઘેર ગયા અને વિનંતી કરી કે તમે ફરી મંદિરમાં આવો. તે ભાઈએ જવાબ આપ્યો. 'હું આવીશ તો મેનેજરને લાગશે કે નોકરી લેવા આવ્યો છું. તેથી હું નહીં આવી શકું. ત્યાં આવેલા લોકોએ એક ઉપાય બતાવ્યો.' મંદિરની સામે તમારા માટે પૂજા સામગ્રીની એક દુકાન ખોલી દઈએ. ત્યાં તમારે બેસવાનું અને આરતી સમયે ઘંટ વગાડવા માટે આવી જવાનું. પછી કોણ કહેશે કે તમારે નોકરીની જરૂર છે.

તે ભાઈએ મંદિરની સામે દુકાન શરૂ કરી. તે એવી ચાલી કે એક દુકાનમાથી સાત દુકાન અને પછી અગરબત્તીની એક ફેકટરી પણ ખોલી. હવે તે માણસ મોટી કારમાં રોજ મંદિરે ઘંટ વગાડવા આવે છે.

ભક્તિભાવ અને નિષ્ઠા હોય તો કર્મ કરતાં કોઈ રોકી શકતું નથી.

મનની વાત મનમાં જ રહી ગઈ તો...

આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી

amlani2000@yahoo.co.uk

આધેડ ઉમરની બે સહેલીઓ. બન્ને એક જ જ્ઞાતિની અને બચપણથી બન્નેની ગાઢ મૈત્રી. ઉચ્ચ માધ્યમિક સુધી બન્નેએ અભ્યાસ પણ સાથે કર્યો. ત્યાર બાદ એક સહેલીનાં પિતાની બદલીના કારણે તેઓ અન્ય શહેરમાં કાયમ માટે જતાં રહ્યા અને બન્ને સહેલીઓ વિખૂટી પડી. આમ છતાં પત્રો અને ટેલિફોન દ્વારા બન્ને સતત સંપર્કમાં રહી. બંનેનાં લગ્ન થયા અને લગ્નમાં પણ બન્નેએ એકબીજાને ત્યાં હાજરી આપી. બંનેને ઘેર બાળકો થયા છતાં બન્ને સહેલીઓની મૈત્રી જીવંત રહી. બંન્નેના પતિઓ અને બાળકો પણ એકબીજાને ઓળખાતા થયા અને કૌટુંબિક મિત્રતા બંધાઈ.

એ બન્નેમાંથી એક સહેલીનો પતિ વ્યવસાય કરે. તેને બે દીકરીઓ. બીજીનો પતિ એક પ્રાઈવેટ કંપનીમાં સારા હોદ્દા ઉપર અને તેને એક દીકરો જે મોટો અને બીજી નાની દીકરી. બન્ને કુટુંબો વચ્ચે પ્રસંગોપાત મળવાનું થયા કરે.

જે સહેલીના કુટુંબનો વ્યવસાય હતો તેની મોટી દીકરીની વ્યવસાય કરતા એક છોકરા સાથે સગાઈ નક્કી થઈ. પેલી સહેલીને સગાઈ પ્રસંગે નિમંત્રણ આપ્યું અને એ સહેલી સગાઈમાં હાજરી પણ આપી. એ સગાઈના પ્રસંગે બન્ને સહેલીઓની એક ત્રીજી સહેલી પણ ઉપસ્થિત હતી. સગાઈની વિધિ ચાલતી હતી એ દરમ્યાન મહેમાન તરીકે આવેલી બન્ને સહેલીઓ કે જે ઘણા લાંબા સમય પછી મળી હતી તે જૂના સંસ્મરણો વાગોળતી બેઠી હતી. પેલી સહેલી કે જેનો પતિ પ્રાઈવેટ કંપનીમાં હતો અને જેને એક દીકરો જે મોટો હતો તેણે વાતવાતમાં ત્રીજી સહેલીને કહ્યું કે પોતાનો દીકરો પણ પરણવા લાયક છે. તેણે કહ્યું કે પોતાની તો એવી ઈચ્છા હતી કે આજે જેની સગાઈ છે એ દીકરી સાથે પોતાના દીકરાનું વેવિશાળ થાય. પોતાનો દીકરો અને સહેલીની દીકરીની ઉમર અને અભ્યાસ પણ મેળ ખાય એવા હતા. પોતે પોતાની સહેલીને પોતાના મનની વાત કહી જ ના શકી અને આજે એ દીકરીની સગાઈ થઈ ગઈ. પોતાના મનની વાત ના કહી શકવાનું કારણ એ બતાવ્યુ કે તેની સહેલીનું કુટુંબ વ્યવસાયિક અને પોતે નોકરિયાત એટલે કદાચ દીકરી અને તેના માતા-પિતા સહમત ના થાય.

સગાઈની વિધિ પૂરી થઈ. મહેમાનો ગયા પછી પેલી ત્રીજી સહેલી અને યજમાન સહેલી શાંતિથી મળી ત્યારે ત્રીજી સહેલીએ પેલી સહેલીની મનની વાત કરી. વાત સાંભળીને યજમાન સહેલી ઉપર તો જાણે આભ જ ફાટયું. તેણે કહ્યું કે પોતે પણ એવું ઈચ્છતી હતી કે તેની દીકરીનો સંબંધ પેલી સહેલીના દીકરા સાથે ગોઠવાય પણ પોતે પણ પોતાના મનની વાત કહી ન શકી. તેણે તો ત્યાં સુધી કહ્યું કે પોતાની દીકરીને પણ તેની સહેલીનો દીકરો ગમતો હતો પણ કોઈ અકળ કારણસર તે પોતાના મનની વાત સહેલીને જણાવી ન શકી.

ત્યારપછી એ બન્ને સહેલીઓ મળી. "એલી, તારે તો કહેવું હતું", "ક્યારેક તો વાતનો અણસાર અપાય ને", " આટલું પણ ન કહ્યું?" " કોઈ દ્વારા વાત પહોચાડી હોત તો". આ રીતે બન્નેએ અફસોસ વ્યકત કર્યો કારણ કે બન્ને સહેલીઓની મનની વાત મનમાં જ રહી ગઈ હતી પણ હવે સમય વીતી ગયો હતો. અફસોસ કરવાનો કોઈ અર્થ ન હતો. આજે એ વાતને સાત-આઠ વર્ષ થઈ ગયા. પેલી સહેલીના દીકરાના પણ લગ્ન થઈ ગયા. બંને યુગલો સુખી છે છતાં એ બન્ને સહેલીઓ જ્યારે જ્યારે મળે છે ત્યારે અફસોસ વ્યકત કરે છે કે "કાશ, એ સમયે મનની વાત કહી દીધી હોત તો."

આપણું મન ઉલઝન, મુંઝવણ, વિમાસણનું એક મોટું ઘનઘોર ગાઢ જંગલ છે. મનનાં એ જંગલમાં એવી ઘણી બધી વાતો હોય છે કે જે કહેવી કે ન કહેવી એ મુંઝવણમાં ને મૂંઝવણમાં જ કહેવાની ચુકાઈ જતી હોય છે. એ વાતો વ્યક્તિની પોતાની અંગત હોય શકે, બે વ્યક્તિઓ વચ્ચેની હોય શકે, કૌટુંબિક હોય શકે, સામાજિક હોય શકે અને વ્યવસાયિક પણ હોય શકે.

આપણાંમાંથી ઘણા બધાનો અનુભવ હોય શકે છે કે યુવાવસ્થામાં આ પ્રકારની મુઝવણ થઈ હોય. કોઈ યુવાન અને યુવતી એકબીજાને ગમતા હોય, મનથી એકબીજાને ચાહતા હોય, એકબીજા સાથે લગ્ન કરી જીવનસથી બનાવવા ઈચ્છતા હોય છતાં કોઈપણ કારણસર પોતાના મનની વાત ઉભયપક્ષને ના કહી શક્યા હોય. સમય વિતી જાય છે અને મનની વાત મનમાં જ રહી જતી હોય છે. વર્ષો પછી એ યુવક અને યુવતી મળે અને બન્ને એકબીજાને કહે કે 'હું તો તને પ્રેમ કરતો હતો કે કરતી હતી પણ મનની વાત મનમાં જ રહી ગઈ.ક્ષ વર્ષો પછી એ બન્ને પેલી સહેલીઓની જેમ જ અફસોસ કરે કે 'કાશ, એ સમયે મનની વાત અભિવ્યક્ત કરી દીધી હોત તો બંનેનું જીવન કદાચ જુદું હોત.

કોઈપણ વાત મનમાં હોય પણ એ વાત ન કહી શકવાનું કારણ, મનની મૂંઝવણ થવાનું કારણ શું હોય શકે? એક કારણ તો એ કે વ્યક્તિ પોતે નિર્ણય નથી લઈ શકતી હોતી કે જે વાત પોતાના મનમાં છે એ કહેવા લાયક છે કે નહીં, વાત વાજબી છે કે નહીં. એ નિર્ણય તો એ વ્યક્તિએ પોતે લેવો પડે જેના મનમાં એ વાત ઉદ્ભવી હોય.

બીજા કારણોમાં, વ્યક્તિના મનમાં ક્યારેક કેટલીક આશંકાઓ કે ભય હોય છે કે પોતાની વાતનો ઉભય પક્ષે સ્વીકાર નહીં થાય તો? પોતાની વાત હાંસીપાત્ર ઠરશે તો? પોતે જે પ્રસ્તાવ મુકાશે એ પ્રસ્તાવનો ઉત્તર નકારમાં આવશે તો? ઉભયપક્ષ વ્યક્તિ પોતાનું અપમાન કરશે તો? પોતાનો જાહેરમાં ફજેતો કરશે તો? ઉભયપક્ષ સાથેના સંબંધો કાયમ માટે બગડી જશે તો? આ પ્રકારની આશંકાઓ અને ભયને કારણે જ કદાચ વ્યક્તિ પોતાના મનની વાત ખુલ્લીને કહી શકતી નથી હોતી અને એ વાત કાયમ માટે મનમાં જ ધરબાઈ જતી હોય છે.

આ પ્રકારની મનની વાત કહેવાનો પણ એક સમય હોય છે, તેની સમય મર્યાદા હોય છે. સમય વીતી ગયા પછી એ વાત કહેવાનો કોઈ અર્થ રહેતો હોતો નથી. પછી તો રહી જતાં હોય છે હૃદયમાં માત્ર પશ્ચાતાપ અને આંખમાં આંસુઓ. વાત કહેવાનો સમય વિતી ગયા પછી એવી લાગણી થતી હોય છે કે જાણે પોતાના સપનાઓ અધૂરા રહી ગયા, પોતાની ઈચ્છાઓ અતૃપ્ત રહી ગઈ, પોતાના જીવનમાં અંધકાર છવાઈ ગયો, પોતાનું જીવન નિરર્થક સાબિત થઈ ગયું.

પેલી સહેલીની જેમ અથવા તો યુવાનોની જેમ પોતાના મનની વાત કહેવી કે ન કહેવી એવી ઉલઝન જીવનના ઘણા તબક્કાઓમાં આપણે અનુભવતા હોઈએ છીએ. જ્યારે જ્યારે આ પ્રકારની ઉલઝન થાય છે ત્યારે મનની વાત કહેવા માટે હિમ્મત કેળવવી ખૂબ જ જરૂરી હોય છે. હિમ્મત સાથે પરિણામ ભોગવવાની તૈયારી પણ. વાત કહી દેવાથી અંતિમ પરિણામ શું આવી શકે તેની જો કલ્પના કરી લઈએ તો કદાચ એવું બને કે એ પરિણામ ભોગવવા માટે આપણે માનસિક રીતે તૈયાર થઈ જઈએ અને મનની વાત કહી શકીએ. વાત કહી દેવાથી કદાચ જે જોઈએ એ પ્રાપ્ત થઈ પણ જાય પણ ના કહેવાથી તો એ ક્યારેય પ્રાપ્ત થઈ શકવાનું નથી. મનની વાત કહી દેવાથી કદાચ કંઈ ગુમાવવું ન પડે પણ આપણી ઈચ્છા મુજબનું કદાચ મળી પણ જાય.

આમ મનની વાત મનમાં જ રાખીને સતત દુઃખી થવું, સતત આંસુઓ સારતા રહેવા તેના કરતાં બહેતર છે કે મનની વાત અભિવ્યક્ત કરી દેવી. કદાચ, આપણાં નસીબનાં દ્વાર ખૂલી પણ જાય.

હે પ્રભુ, દેશના સંકટ સમયે બધાને સંયમની કૃપા આપજે

જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી

mmtrivedi007@gmail.com

ટીવી અને મીડિયા પર જેટલું રસપૂર્વક જોતા રહેતા તમામ લોકો ભારતમાં લોકડાઉન પછી એટલા બધા નવા પ્રકારના ડર અને મહામારી કોરોનાથી કેમ બસવું તેની અવનવી વાતો અને માહિતીઓથી હવે જોઈ જોઈને લગભગ તદ્દન કંટાળી ગયા છે! નવી નવી દવાની શોધ થઈ ગઈ છે તેવા સંદેશાઓ પણ પ્રતિદિન ફરતા જ રહે છે. જેમાં લોકોને પણ વિશ્વાસ બેસતો નથી. ખબર નથી કે ૨૦૨૦નું વર્ષ શું શું તેની જોળીમાં લઈ ને આવ્યું છે ! કોરોનાથી આખી દુનિયા ત્રસ્ત થઈ ચૂકી છે તે ઉપરાંત ભૂકંપો લાગી રહ્યા છે, નવા નવા સાઈકલોન આવીને નુકશાન કરી જાય છે. આટલું ઓછું હોય તેમ છેલ્લા બે માસથી ગુજરાત, મધ્યપ્રદેશ, રાજસ્તાનમાં તીડના ટોળા લાખોની સંખ્યામાં ઊડતા ઊડતાં આવી જાય અને ખેતર-વાડીમાં જે કંઈ ઉગાડ્યું હોય તે ચપટી વગાડો ત્યાં સ્વાહા કરી જા છે. દવા છંટકાવ કરવાનો સમય લાગે ત્યાં સુધીમાં તો તીડ બધું ખાય જાય છે. પાકિસ્તાનમાં પણ તીડના ટોળા ઉતર્યા ત્યારે ખબર પડી કે અન્ય બીજા દેશોથી આ સંકટ ઉત્પન્ન થઈને આવી રહ્યું છે. કુદરતના માર સામે માનવનું કંઈ જ ઊપજતું નથી. હવે આટલા બધા પ્રશ્નોની સાથે આપણું પડોશી રાષ્ટ્ર ચીન પણ હવે ભારત સાથે યુદ્ધની ઉશ્કેરણી કરી છંછેડી રહ્યું છે જેની પ્રજાને કે પ્રધાનમંત્રી મોદીજીને પણ કલ્પના ના હતી ! આપણા કુલ ત્રેવીસ જેટલા જવાનો ગલવાન ઘાટીની અથડામણમાં શહીદ થઈ ગયા ત્યારે દરેકને આ ઘટના એ એક ઝટકો આપ્યો. ટૂંકમાં મહાસત્તાનાં સ્વપ્નામાં વિકસતા જતા ભારતને ચીન સ્વીકારી શકતું નથી અથવા આપણું સર્વરાષ્ટ્રો જોડે આગળ જવાની આપણી સફર ઉપર તેને જલન અને ઈર્ષ્યાભાવ સ્પષ્ટ છે તે જોવા મળે છે. બધા જ દેશો સમય જતાં પરિવર્તિત થાય, બદલાવ આવે એ સહન ઘટના ક્રમ હોય જ છે તેને પણ વિસ્તારવાદી રૂક્ષ ચીન સ્વીકારી શકતું નથી.

સંક્ષેપમાં કહીએ તો ચારે બાજુ અજંપો, અશાંતિ, ભય, અને ઉદાસીનતા પ્રસરી ગયા છે ત્યારે ઈશ્વરને નમ્ર અરજ એટલી છે કે પ્રત્યેક વ્યક્તિને સંયમની પ્રાપ્તિ થાય એટલી કૃપા કરજે. સામાજિક સૌહાર્દને પણ વિકૃત કરવામાં આવે તેવા તમામ કૃત્યો નિંદનીય છે. કથાકારો, કલાકારો કે પ્રવચનકારોનાં જીવનમાં પણ હતાશા, ડિપ્રેશન, વિકૃતિ કળિયુગના કારણે જોવા મળે છે. કોઈ આપઘાત કરી લે છે તો કોઈ જૂના જૂના બનાવોને સોશિયલ મીડિયામાં મૂકી આપણી એકતાને પણ તાક ઉપર મૂકવાની કોશિષ કરે છે ત્યારે હાલની ખરાબ સ્થિતિમાં લોકો ઉશ્કેરાઈ જાય છે!! આવી કોઈ પણ ઘટનામાં જો ધર્મ કે સંપ્રદાય જો જોડાઈ જાય તો સર્વત્ર બધા લોકો પોતપોતાના મંતવ્યો આપવા માંડે છે, જેનાથી સમાજની એકતા ખંડિત થતી જાય છે. મોટા ગજાના કોઈ પણ કથાકાર કે કલાકારે કંઈ પણ જનતા વચ્ચે વ્યક્ત કરતા પહેલા તેના પરિણામ ઉપર અગાઉથી વિચારી લેવું પડે છે. શબ્દો હથિયારથી વધુ ઘાયલ કરે છે શબ્દો દવા પણ બને અને દુવા પણ બની જાય છે એ યાદ રાખવું ખૂબ જરૂરી છે. આપણે ઘણીવાર ઉન્માદમાં મર્યાદા ઓળંગી જતા હોઈએ છીએ એટલે વર્ગ વિગ્રહના આંગણે જઈને ત્યાં સંઘર્ષનો સામનો કરતા રહીએ એ હવે અટકી જાય એટલું સંયમ હે પ્રભુ તું દરેકને આપજે. જીવનમાં સંયમ નથી એટલે જ બહુધા બધી સમસ્યા ઊભી થાય છે, પછી એ ખાવા-પીવાની બાબત હોય કે ધર્મ પાલન હોય કે ઉપચાર અંગે હોય અથવા સમાજનાં વ્યવહારોની વાત હોય - કયાં અટકી જવું એ જો વ્યક્તિ જાણવાનું કૌશલ્ય કેળવે તો મોટા ભાગનું સંકટ આવતું નથી ! ઘણીવાર જીવન જીવવાની અણગમતી રીતે અપનાવી લઈ સત્યને સુરક્ષિત રાખી સમાધાન તરફ જવું એ વ્યવહારિક દૃષ્ટિ એ ઉમદા કામ હોય છે અને આ રીતે જીવવામાં મન ને વારંવાર સમજાવવું પડે છે પરંતુ એ ખૂબ જ હાલના સમયમાં આવશ્યક થયું છે.

સબ કુછ હાંસિલ નહીં હોતા
જિંદગી મેં યહાં
કિસી કા 'કાશ' તો કિસી કા
'અગર' રહ હી જાતા હૈ !!

માણસે સ્વતંત્રતાને સ્વચ્છંદતા ગણી લઈ સયંમને જયારથી ફગાવ્યો છે ત્યારથી વિશ્વ આખુ પરેશાન થયું છે. મન ઉપર જે જીત મેળવે એ બધું જ મેળવી શકે છે. માણસ છેવટે માણસ જ હોય છે. માટે ક્ષમાની શક્તિથી જીતવું એ સદાચારનો મૂળ પાયો છે એક કાવ્ય ખૂબ મનનીય છે.

કરી શકો તો કરી બતાવો
ને કોરી આંખે રડી બતાવો !
ગણિત તમારું જો હોય પાક્કું
વ્હયાં જે આંસુ ગણી બતાવો.
કર્યા વિના બસ હા - જી બધામાં
વિરુદ્ધ વ્હેણે તરી બતાવો !
દશા અમારી સમજવા માટે
ડુમા ને ડુસકા ગળી બતાવો
બહાદુરીની પરીક્ષા કરવા
લ્યો, ખુદની સાથે લડી બતાવો !
મઝા મળી'તી જે સ્વપ્ન જોઈ
પ્રભુ એ સપનું ફરી બતાવો
સરળ છે જીવન કહો છો ઈશ્વર
બની ને માણસ જીવી બતાવો !!

યોગ ના થઈ શકે તો કોઈક ને જોગ, ભોગ કે ઉપયોગના સ્વરુપે જીવતરમાં યોગદાન આપીએ જેથી કુદરત પણ રાજી થાય.

શેર આસ્વાદ :
હસ્તરેખાઓ સુકાઈ જાય એ સારું નહીં
કોકના આંસુ લૂછી એને પલાળી આવીએ
- મુકેશ જોશી